ડૉ. આંબેડકર આવાસ યોજનાની પાત્રતા
માટે આવક મર્યાદા વધારવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક અબડ-૧૦૨૦૧૨-૪૦૬૮૪૯-ઙ
સચિવાલય, ગાંધીનગર
તારીખ- ૧૩-૦૭-૨૦૧૨

વંચાણે લીધા :

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા: ૦૮-૦૬-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક અબડ-૧૦૨૦૦૩-૧૩૦૩-ઙ.

(૨) નિયમકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગર નો તા: ૨૪-૦૫-૨૦૧૨ નો પત્ર ક્રમાંક અજાક/મ/3/૨૦૧૨/૨૭૦૫

પ્રસ્તાવનાં:

આમુખમાં જણાવેલ ક્રમાંક (૧) ના ઠરાવના ફકરા નં 3 (૧૦) થી ડૉ. આંબેડકર આવાસ યોજનાની પાત્રતા માટે વાર્ષિક આવક મર્યાદા રૂ.૨૪૦૦૦/- નિયત કરવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક (૨) ની નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની દરખાસ્તથી ડૉ. આંબેડકર આવાસ યોજનાની પાત્રતા માટે વાર્ષિક આવક મર્યાદા વધારવા અંગેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

આથી પુખ્ત વિચારણાની અંતે ડૉ. આંબેડકર આવાસ યોજનાની પાત્રતા માટે ની વાર્ષિક આવક મર્યાદા જે રૂ.૨૪૦૦૦/- નિયત કરવામાં આવેલ તેના બદલે આ યોજનાની પાત્રતા માટે ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨૭૦૦૦/- તેમજ શહેરી વિસ્તારમાં વાર્ષિક આવક મર્યાદા રૂ.૩૬૦૦૦/- આથી ઠરાવવામાં આવે છે. આ વિભાગના વંચાણમાં લીધેલ ક્રમાંક-૧ માં ઉલ્લેખિત તા: ૦૮-૦૬-૨૦૦૫ નાં ઠરાવ ક્રમાંક અબડ-૧૦૨૦૦૩-૧૩૦૩-ઙ માં દર્શાવેલ અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેઓનાં નામે,

(પી. એલ. ઝાલા)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીનાં સચિવશ્રી, રાજભવન ગાંધીનગર

- માન.મુખ્યમંત્રીશ્રીનાં સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી ( સા.ન્યાય અને અધિ.)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીનાં અંગતસચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના અન્ય સર્વે વિભાગો
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર
- નિયામકશ્રી અનુસૂચિત કલ્યાણ, ગાંધીનગર
- નિયામકશ્રી વિકસતી જાતી કલ્યાણ, ગાંધીનગર
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( પંચાયત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારી અમદાવાદ/ ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારી અમદાવાદ/ રાજકોટ